ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૧ ટકા

# જિલ્લામાં કુલ ૧ ૩ આયુષ વેલનેસ સેન્ટરને મંજુરી

## બીમાર થઈને નહિ પણ સ્વસ્થ રહેવા આયુષ હેલ્થ સેન્ટરની મુલાકાત લો

ગાંધીનગર, તા.૧૭


સ્વાસ્થ્યના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું અને તેમ છતાં રોગ આવે તો તેની ચિકિત્સા કરવી એ સિધ્ધાંતને અનુસરીને ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા ભારતભરમાં આયુષ હેલ્થ અને વેલનેસ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતમાં પણ વેલનેસ સેન્ટર ચાલુ કરવામાં આવ્યા છે જે પૈકી ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૩ આયુષ વેલનેસ સેન્ટર મંજુર થયા છે.

ગાંધીનગરમાં સેકટરોમાં સેકટર-૨૯, સેકટર-ઉન્યુ, કુડાસણ ઉપરાંત પોર, જમિયતપુરા, ટીંટોડા, સરઢવ, દોલારાણા વાસણા, ઈસંડ, મગોડી, ખાનપુર, પરબતપુરા અને રીદ્રોલ ખાતે આયુર્વેદિક દવાખાનામાં વેલનેસ સેન્ટર શરૂ થયા છે. આ વેલનેસ સેન્ટરમાં મેડિકલ ઓફિસર દ્વારા આયુષ મુજબ જીવનશૈલી, રોગોની દેખરેખ, દવા બાબતની તકેદારી, રસોડામાં વપરાતા દ્રવ્યોની ઔષધિય જાણકારી, રોગ મુજબ તેનો ઉપયોગ, ઘરગથ્થુ વનસ્પતિઓને ઉગાડવી તથા તેના ઔષધીય લાભ કેમ લેવા તેનું માર્ગદર્શન આપવામાં આવશે.

દર્દીની પ્રકૃતિનું પરીક્ષણ કરી જીવનશૈલી સુધાર અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ સેન્ટરમાં મહત્વનું કાર્ય યોગ માર્ગદર્શનનું રહેશે. જે માટે દરેક સેન્ટર ઉપર બે યોગ નિષ્ણાંત એક પુરુષ અને એક સ્ત્રી પોતાની સેવા આપશે. જે શરીરની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે યોગ કરાવશે. વેલનેસ સેન્ટરમાં આવતા દર્દીઓને તેમના રોગ મુજબ યોગ કરવા યોગ સારવારનું માર્ગદર્શન પણ આપશે જેનું સંપૂર્ણ નિરીક્ષણ વેલનેસ સેન્ટરના મેડિકલ ઓફિસર કરશે. યોગ કરવાથી શરીરના સ્નાયુ અને માંસપેશીઓ લચીલા અને મજબૂત બને છે. યોગ અને આસનો શરીરની અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ શરીરના સ્વાસ્થ્યને જાળવવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે. અંતઃસ્ત્રાવી ગ્રંથિઓના અસંતુલનથી થાઈરોઈડ, ડાયાબિટીસ, પીસીઓડી, પીસીઓએસ જેવા રોગો ઉત્પન્ન થાય છે. જો નિયમિત યોગ આસન કરવામાં આવે તો અંતઃસ્ત્રાવો નિયમિત બને છે અને રોગીને રોગમાંથી રાહત મળે છે. પ્રાણાયામ કરવાથી શ્વસન તંત્ર મજબૂત બને છે. શરીરનો વધુ પ્રમાણમાં ઓકિસજન મળે છે જેથી શરીરના કોષોની કાર્યક્ષમતા વધે છે. માનસિક તણાવ, ડિપ્રેશન, અનિંદ્રા, માથાનો દુઃખાવો, ડિપ્રેશન, બ્લડ પ્રેશર, યાદશકિત ઘટી જવી જેવા માનસિક રોગોથી પ્રાણાયામ કરવાથી બચી શકાય છે. તમામ સેન્ટરમાં સવારે ૯ થી ૧૨માં યોગ ઈન્સ્ટ્રકટર દ્વારા યોગ માર્ગદર્શન આપવામાં આવે છે.

તંદુરસ્તીમાં સૌથી મોટો ફાળો કુદરતી જીવનશૈલીનો છે. જે હાલની દોડભાગવાળી જિંદગીમાં ભુલાઈ ગઈ છે. વેલનેસ સેન્ટરમાં આ જીવનશૈલી એટલે કે ખાણીપીણી, આહાર-વિહાર, ઉંઘ વગેરેને વ્યકિતના શરીરની પ્રકૃતિ પ્રમાણે વ્યવસ્થિત કરી શરીરને સુદઢ અને રોગોથી લડવા સક્ષમ બનાવવા પર વધુ ભાર મુકવામાં આવશે. જિલ્લાના જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ભાવના પટેલે જિલ્લાના તમામ નાગરિકોને આ વેલનેસ સેન્ટર અને યોગ માર્ગદર્શનનો મહત્તમ લાભ લે તેવી અપીલ કરી છે.

## એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમમાં બુક રીવ્યુ એકિટવીટી યોજાઈ



ગાંધીનગર, તા.૧૭

એ.વી.વી. ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં બુક રીવ્યુ એકિટવીટી યોજાઈ હતી. પુસ્તકની સમીક્ષા પુસ્તકોને વધુ દશ્યતા અને વધુ વાચકો દ્વારા શોધવાની મોટી તક આપે છે. તો શાળા ના બાળકો એ મનગમતું પુસ્તક વાંચી અને તે પુસ્તકના કવિ લેખક, તેના પાત્રો તથા તેની સમીક્ષા કરી બાળકોએ એ ઉપરથી વિવેચન કરી અને તેમાંથી મળતો સાર પણ રજૂ કર્યો હતો. આ બુક રીવ્યુ એકિટવિટીમાં બાળકોએ સ્ટોરી મેપ પણ તૈયાર કર્યો હતો. અને તેના પરથી આગવી શૈલીમાં પુસ્તક વિશે પોતાના રીવ્યુ આપ્યા હતા. વિદ્યાર્થીઓ સાહિત્ય તથા વાંચન માં વધુ રસ દાખવે અને પુસ્તકોનુ વાંચન કરે તે હેતુથી આ એક્ટિવિટી યોજવામાં આવી હતી.

## એલઆરડી ઉમેદવારોની પદયાત્રા પોલિસે અટકાવી





ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે એલઆરડી ઉમેદવારોએ અનોખો વિરોધ કર્યો હતો. ગુજરાતમાં વિજય રૂપાણીની સરકારે લોકરક્ષકદળની ભરતીમાં ૨૦ ટકા વેઈટિંગની જાહેરાત કરી હતી પરંતુ વર્તમાન ભૂપેન્દ્ર પટેલની સરકારમાં વેઈટિંગના આ મુદ્દાને હટાવી દેવામાં આવ્યો છે અને ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે ત્યારે ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે એલઆરડી ઉમેદવારોએ વિરોધ કર્યો હતો. વિરોધ કરી રહેલા એલઆરડી ઉમેદવારોએ પોલીસની અટકાયતથી બચવા માટે રાષ્ટ્રગાન વગાડયું હતું. અટકાયતથી બચવા ઉમેદવારોએ આવો રસ્તો કાઢયો હતો. પોલીસ તેમની અટકાયત કરતા સમયે સાવધાનની મુદ્રામાં ઉભી રહી ગઈ હતી. પોલીસે પણ સાવધાનની મુદ્રામાં રાષ્ટ્રગાનમાં ભાગ લીધો હતો.

વિદ્યાર્થી આગેવાન રોહિત માળી અને રાજન ઠકકર દ્વારા એલઆરડી ૨૦૧૮-૧૯ની ભરતીમાં સરકાર દ્વારા ૨૦ ટકા પ્રતિક્ષા યાદી (૧૯૪૨ જગ્યા), જાહેર કરવાનો ઠરાવ કર્યો હોવા છતાં પણ આજ સુધી જાહેર ન કરતા એલઆરડી ન્યાયયાત્રાનું આયોજન કર્યું હતું. જેમાં સત્યાગ્રહ છાવણીની સચિવાલય સુધી પદયાત્રા કરવાની હતી પરંતુ રાષ્ટ્રગાન પછી સત્યાગ્રહ છાવણીથી ઉમેદવારોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. પરંતુ ઉમેદવારો દ્વારા જયાં સુધી નિરાકરણ નહિ આવે ત્યાં સુધી વિરોધ ચાલુ જ રહેશે તેવું જણાવવામાં આવ્યું હતું.

## સહજાનંદ નર્સિંગ કોલેજ ખાતે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૭

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સહજાનંદ કોલેજ, ઝુંડાલ ખાતે વુમન વેલનેસ કિલનિક પ્રોગ્રામ હેઠળ સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક આર.એસ. પટેલ, હિનાબેન જરીવાલા, ગિરીશભાઈ પટેલ, કરિશ્માબેન શ્રોફની આગેવાની હેઠળ કિન્નરી ભટ્ટ તથા ટીમ દ્વારા શિક્ષિકાઓ, નર્સિંગના વિદ્યાર્થીઓ માટે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ૧૨૫થી વધુ શિક્ષિકાઓ તથા નર્સિંગના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ મીટીંગમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ચાંદખેડાના કોર્પોરેટર રીટાબેન પટેલ તથા પૂર્વ કોર્પોરેટર રાજેન્દ્રભાઈ પટેલ ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## સાહિત્ય અકાદમી દ્વારા ૨૧મીએ માતૃભાષા મહોત્સવ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આગામી વિશ્વમાતૃભાષા દિને સમગ્ર ગુજરાતમાં ૫૧ કાર્યક્રમો યોજાશે. જેમાં ૩૫૦ થી વધુ સર્જકો સામેલ થશે. જેમાં કવિસંમેલન, વક્તવ્ય, વિમોચન, વાચિકમ, સંગીત, નાટક ઈત્યાદિ વિધાઓ દ્વારા માતૃભાષાની વંદના થશે.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સોમવારે સાંજે ૬.૩૦ કલાકે અમદાવાદ મેડિકલ એસોસિએશન હોલ, આશ્રમ રોડ ખાતે 'માતૃભાષા મહોત્સવ' યોજાશે. જેમાં જાણીતા કવયિત્રી રક્ષા શુક્લના કાવ્યસંગ્રહ 'અટ્ટણની ઓલીપા'નું વિમોચન થશે. પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, વિખ્યાત વક્તા જય વસાવડા અને સુખ્યાત શાયર અંકિત ત્રિવેદી વક્તવ્ય આપશે. અતિથિવિશેષ મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ રહેશે. સંચાલન હરદ્વાર ગોસ્વામી કરશે. આ કાર્યક્રમમાં પધારવા સાહિત્યરસિકોને સાદર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ગાધીનગર-માણસા હાઈવે ખાતે, ભારતીબાપુની વ્યાસ પીઠે પટેલ પરિવારનાં આંગણે લાટીમાં સુંદરકાંડ પાઠ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભકતોએ આ સુંદરકાંડ પાઠનો લાભ લીધો હતો.

## થેલેસેમિક બાળકો માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં રક્તદાન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૧૭

થેલેસેમિક બાળકો માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વિદ્યાનિકેતન વિભાગના એન.એસ.એસ. યુનિટ દ્વારા ૧૭મી ફેબ્રુઆરીએ રક્તદાન કેમ્પ યોજાયો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડબેંકના નિષ્ણાત ડૉક્ટર્સ અને સ્ટાફે આ કેમ્પમાં સેવા પૂરી પાડી હતી. યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે કેમ્પમાં ઉપસ્થિત રહીને સૌને ઉત્સાહ પૂરો પાડ્યો હતો તથા રક્તદાતાઓને પ્રશસ્તિપત્ર આપ્યાં હતાં. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ પણ રક્તદાન કરીને સૌને પ્રેરણા પૂરી પાડી હતી. વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલની રાહબરીમાં ૧૭મી ફેબ્રુઆરીએ સવારે ૯.૩૦થી આ કેમ્પ શરૂ થયો હતો. બપોરે એક વાગ્યા સુધી કેમ્પમાં વિદ્યાનિકેતનની ટીમે ખડેપગે રહીને રક્તદાતાઓને બિરદાવ્યા હતા. યુનિવર્સિટીના સ્ટાફ, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યુંહતું. આ કેમ્પના સમાચાર વાંચીને સચિવાલયના કેટલાક કર્મચારી તેમજ આસપાસના લોકો પણ રક્તદાનમાં જોડાયા હતા. આ કેમ્પમાં કુલ ૪૪ બોટલ રક્ત એકત્ર થયું હતું. યુનિવર્સિટીના એન.એસ.એસ.ના કેડેટ્સ તેમજ સંયોજક ડૉ. શિલ્પા એમ. વાળાએ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.



સેક્ટર ૨૪ સંત રોહીદાસજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં વોર્ડ નંબર-૩ના સ્થાનિક કોર્પોરેટર ભરતભાઈ ગોહિલ હાજર રહ્યા હતા.



સંતશ્રી રોહીદાસજીની ૬૪૫માં જન્મદિવસ નિમિતે સેક્ટર-૧૪માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં વોર્ડ ૬ના કોર્પોરેટર તુષાર પરીખ તથા આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી વીરેન્દ્રસિંહ હાજર રહ્યાં હતા.

## ગાંધીનગર જિલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા પ્રેરીત તથા કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા કરવાનું આયોજન છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક ૭ થી૧૦ વર્ષના બાળકો 'અ' વિભાગ તથા 'બ' વિભાગમાં ૨ થી ૧૩ વર્ષના બાળકો અને ખુલ્લા વિભાગમાં ૭ થી ૧૩ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં વકતૃત્વ, નિબંધ, દોહા-છંદ-ચોપાઈ, લોકવાર્તા, સર્જનાત્મક કામગીરી, લગ્નગીત, લોકવાદ્ય સંગીત, એકપાત્રીય અભિનય, લોકગીત, ભજન, સમુહગીત અને લોકનૃત્ય જેવી કૃતિનો સમાવેશ થશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ તારીખ ૨૩ સુધી જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી સહયોગ સંકુલ 'સી વિંગ્સ, છઠ્ઠે માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર ખાતે અરજી કરવાની રહેશે. જન્મતારીખનાં પુરાવા માટે આધાર કાર્ડ, જન્મતારીખના દાખલાની નકલ સામેલ રાખવાની રહેશે. જેમાં સમય મર્યાદા બાદ આવેલી અરજી ધ્યાને લેવામાં આવશે નહિ તેમ જણાવવામાં આવ્યું હતું.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની બ્રહ્મ વિકાસ નિગમની માંગણી

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે બ્રહ્મ વિકાસ નિગમની માંગણી કરવામાં આવી હતી. જેમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા અને સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજના પ્રમુખની રાહબરીમાં ભૂદેવ અગ્રણીઓએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત લીધી હતી. જેમાં ભૂતકાળમાં ૨૦૧૬માં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા દ્વારા સરકાર સામે ઉગ્ર દેખાવો કરી બ્રહ્મવિકાસ નિગમની માંગણી કરવામાં આવી હતી. જે અનુરૂપ બિન અનામત આયોગ અને નિગમના માંગણીઓ સંતોષવામાં આવી હતી. પરંતુ સત્વરે જરૂર જણાતા સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજ સાથે સંકલન કરી અને ગુજરાતના



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. મહામંત્રી અમિતભાઈ દવેએ મુખ્યમંત્રીને જણાવ્યુ હતુ કે અગાઉની સરકાર દ્વારા રજીસ્ટ્રેશન થયેલા ટ્રસ્ટોના પુજારીઓ અને લઘુત્તમ વેતન દર આપવામાં આવશે તેવી બાહેધરી આપવામાં આવી હતી. પરંતુ આજ સુધી સરકાર તરફથી કે તેમના વિભાગો દ્વારા આ વિષય પર અમલ થયો નથી. જેથી બ્રહ્મસમાજ તરફથી રોષ દાખવવામાં આવ્યો હતો. પ્રમુખ ભરતભાઈ રાવલ દ્વારા આ વિષય પર ગંભીરતાથી મુખ્યમંત્રી વિચાર કરે અને સત્વરે અમલ થાય તેવા પગલાં ભરે જેવી માંગણી કરવામાં આવી હતી. મુખ્ય સંગઠક અશ્વિન ત્રિવેદી દ્વારા બ્રાહ્મણના વિકાસ અર્થે અલગ નિગમ અપાય અને બ્રાહ્મણ પ્રતિનિધિ સરકાર તરફથી વહીવટમાં મુકાય તેવી માંગ કરી હતી. આ બાબતે આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટી ડૉ. યજ્ઞેશ દવે, દક્ષિણ ઝોન પ્રભારી ગીરીશભાઈ ત્રિવેદી, સંગઠન મંત્રી બીમલભાઈ મહેતા, ઉપાધ્યક્ષ રાકેશભાઈ પાઠક તેમજ મીડિયા કન્વીનર દિનેશ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પટેલ રમણભાઈ કાળીદાસ, ઉ.વ. ૭૪, પ્રાંતિયા
- સ્વ. ભેસાણીયા લાભુબેન કુરજીભાઈ, ઉ.વ. ૭૭, સેકટર-૨
- સ્વ. વાઘેલા પ્રદ્યુમનસિંહ ભવાનસિંહ, ઉ.વ. ૪૫, પેથાપુર
- સ્વ. વાઘેલા ધનીબેન કાલીદાસ, ઉ.વ. ૬૬, સેકટર-૧૭
- સ્વ. જાદવ કૃષ્ણકાંત ભગવાનદાસ, ઉ.વ. ૭૦, સેકટર-૨

## જન્મદિને વધામણી



ભાગ્યેશ જહા
જાણીતા કવિ અને વક્તા
મો. ૯૯૭૮૪ ૦૭૬૦૧



ડો. ચેતના બુચ
પ્રમુખ
જયોતિ મહિલા મંડળ




ચાંદની પારેખ



ગૌતમ શ્રીમાળી
મો. ૮૧૨૮૦ ૮૫૮૪૮



માણેકબેન ભીખાભાઈ પરમાર



ગિરીશકુમાર ઓ. રાવલ
મો. ૯૮૨૫૦ ૩૫૩૮૩



વૈષ્ણવ નિકુંજકુમાર કનૈયાલાલ
મો. ૯૭૨૩૮ ૩૧૮૩૮




બહેચરભાઈ પી પ્રજાપતિ
સહયોગ મંડળ, ગાંધીનગર
મો. ૯૧૦૬૨ ૦૨૨૩૯



રાજ
પ્રદીપકુમાર ગગલાણી
એમબીબીએસ
મો. ૯૮૨૪૨ ૮૬૧૨૧



સોનલ રમેશભાઈ પરમાર
મો. ૯૯૭૯૦ ૮૨૯૬૨



આયેશા બ્લોચ



યશ કલ્પેશભાઈ દરજી
મો. ૯૮૭૯૮ ૪૯૪૫૮



ધૈર્ય એચ શર્મા
મો. ૯૭૧૪૯ ૧૫૫૯૪



યુગ કલ્પેશભાઈ દરજી
મો. ૯૮૭૯૮ ૪૯૪૫૮

## જે.એમ. ચૌધરીમાં વાચક સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

જે.એમ. ચૌધરીમાં વાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેના વિજેતાઓના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. આ શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં પાયલ બારૈયા (બે રોચક કથાઓ૦, શ્રેયા ઠાકોર (વિજ્ઞાન), પૂજા વડાલિયા (ઈતિહાસનો રસથાળ), સંગીતા ઠાકોર (સ્ટીફન હોકિંગ) (નિરોગી બાળ નિરોગી રાષ્ટ્ર), જૈમિની ચૌધરી (વિશ્વ યુધ્ધનો આરંભ અને અંત), માહી ચૌધરી (માઈક્રોસોફટના સારથી સત્યા નડેલા) (શ્રીનિવાસ રામાનુજન), અર્ચના ચૌધરી (સમજણ), (અજાતશત્રુ) વિજેતા થયા હતા.




શેરથા ગામ ના ગૌરવ મા વધારો અલ્પેશ ભરતભાઈ પટેલ (ચોપરા પરિવાર) માતા પિતા સામાન્ય ખેડૂત છે તે પરિવાર નો દિકારો ડીસા એગ્રિકલ્ચર યુનિવર્સટી માંથી BSc, M S C, PHD ગોલ્ડમેડલ સાથે પદવી પ્રાપ્ત કરી હતી.